GJSK180007152026

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૨૯/૦૫/૨૦૨૬ | | |
| નોધ્યા તારીખ | : | ૨૯/૦૫/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | : | **૦૮/૦૬/૨૦૨૬** | | |
| સમયગાળો : | | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૧૦ |

**ઇડરના મે.ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ શ્રી (એમ.વાય.રાધનપુરવાલા) ની કોર્ટમાં, મુકામ–ઇડર**

**ફોજદારી પરચુરણ અરજ નં.૨૭૧/૨૦૨૬**
**આંક : ૭**

**અરજદાર :** હાજા બટકા ઉર્ફે ડોન ઉર્ફે અર્જુન ઉર્ફે શૈલેષ ઉર્ફે રમેશ ભગવાનલાલ મીણા, ઉ.આ.વ.૩૫
ધંધો–મજુરી, રહે.લરાઠી ફલા, વાન્દેલા,
તા.ખેરવાડા, જી.ઉદેપુર (રાજસ્થાન)

**વિરૂધ્ધ**

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજ :–** **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે.**

**અરજદાર પક્ષે વિ.વ.શ્રી : એમ.બી.જોષી/કે.એમ.પરમાર**
**સામાવાળા પક્ષે સ્પે. વિ.એ.પી.પી.શ્રી: એન.એન.બારોટ**

**// ચુકાદો //**

(૧) આ કામના અરજદાર/ આરોપીએ તેઓની વિરૂધ્ધ નોંધાયેલ વિજયનગર પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૦૯૦૫૫૨૩૦૪૮૩

/૨૦૨૩, ઇ.પી.કોડની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુનાના કામે રેગ્યુલર જામીન મુકત થવા હાલની અરજી કરેલ છે.

અરજદાર/આરોપી તરફે તેમની અરજીના સમર્થનમા આંક–૩ ના પુરાવા લીસ્ટથી એફ.આઇ.આર.ની ખરી નકલ, વિજયનગર કોર્ટમા કરેલ જામીન અરજી અને તે લગતના હુકમની સર્ટીફાઇડ નકલ રજુ કરેલ છે.

(૨) અરજદારની અરજી રજૂ થતાં આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે નોટિસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી એન.એન.બારોટ આંક–૫ ની પુરસીસ આધારે હાજર થયેલા છે અને આંક–૬ થી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રી જોષીએ તેઓની અરજીના સમર્થનમા દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપીને ઉપરોકત ગુનાના કામે તારીખ ૧૯/૫/૨૬ ના રોજ અટક કરેલ છે અને અરજદાર તરથજી જામીન અરજી ટ્રાયલ કોર્ટમા કરતાં તે નામંજુર થયેલ છે અને ત્યારથી અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમા છે. અરજદાર નિર્દોષ છે અને એફ.આઇ.આર.માં જણાવ્યા મુજબનુ કોઇ જ કૃત્ય કરેલ નથી, અરજદાર/આરોપી પાસેથી કોઇ ગુનાહિત મુદામાલ મળી આવેલ નથી. અરજદાર કુટુંબકબીલા વાળા છે અને ખેત મજુરી કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. કુટુંબની આજીવીકાનો આધાર અરજદારના શીરે છે અને અરજદાર નાસીભાગી જાય તેવા નથી. અરજદાર નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતો પાળવા ખુશી અને તૈયાર છે તેમજ પોલીસ તપાસમા પુરેપુરો સહકાર આપવાની ખાતરી આપે છે તેમજ ટ્રાયલ વખતે સક્ષમ અદાલત સમક્ષ હાજર રહેવાની ખાતરી આપે છે. જેથી અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) સામાવાળા પક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓની દલીલમાં અરજદારની અરજીના વિરુધ્ધમા તપાસ કરનારે કરેલ સોગંદનામાની

હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે અને જણાવેલ છે કે, ફરીયાદીના બંધ મકાનનુ કોઈ અજાણ્યા ઈસમોએ નકુચો તોડી ઘરના કબાટમા મુકેલ સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ જેમા સોનાની ચેન નંગ-૫ તેમજ સોનાનુ મંગળસૂત્ર તથા સોનાનો હાર અને બુટ્ટીઓ મળી કુલ સોનુ ૧૬.૨૫ તોલા કિંમત રૂા.૮,૧૨,૫૦૦/- તથા ચાંદીના છડા ત્રણ જોડી નંગ-૬ કિંમત રૂા.૨૭,૦૦૦/- તેમજ રોકમ રૂા.૧૭,૦૦૦/- મળી કુલ કિંમત રૂા.૮,૫૬,૫૦૦/- ની ચોરી કરી લઈ જઈ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. પકડાયેલ આરોપીઓ પાસેથી મુદામાલ કબજે કરવમાં આવેલ છે. આરોપીઓ પાસેથી ગુનામા ગયેલ સંપુર્ણ મુદામાલ કબજે કરવા તથા પકડવાનો બાકી આરોપીની તપાસ કરવામા અવેલ છે અને સહ આરોપી નાસતા ફરતા હોઈ અટક કરવાના બાકી છે. અરજદાર/આરોપીને જામીન આપવામા આવશે તો જામીન મુકત થઈ ચોરીમા ગયેલ મુદામાલ રીકવર કરવાનો બાકી હોઈ પકડવાના સહ આરોપીઓની મદદગારી કરે તેમ છે. ફરીયાદી/સાહેદોને ડરમાવી ધમકાવી કેસને નુકશાન કરે તેવી શકયતા નકારી શકાય તેમ નથી. જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ની રજુઆત, તપાસ કરનાર અમલદારે રજુ કરેલ એફીડેવીટ, એફ.આઈ.આર. તેમજ તપાસના કાગળો લક્ષમાં લીધા. તપાસ કરનાર અમલદારનુ એફીડેવીટ ધ્યાને લેતાં, સદર ગુનાના કામે પકડાયેલ આરોપીઓ પાસેથી મુદામાલ કબજે થયેલ છે તેમજ હજુ મુદામાલ કબજે કરવાનો બાકી છે તેમજ નાસતા ફરતા આરોપીને પકડવાના બાકી છે. ગુનાની તપાસ ચાલુ છે, અરજદાર/આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનાની સજાની જોગવાઈ, ગુનાની ગંભીરતા તેમજ અરજદાર આરોપી તરફે ટ્રાયલ દરમ્યાન કોર્ટમા હાજર રહેવાની ખાતરી આપે છે અને પોલીસ તપાસમા સાથ સહકાર આપવાની ખાતરી આપે છે. તે તમામ હકીકતો, સંજોગો ધ્યાને લેતાં, જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં નહી

આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. સદર ગુના સબબ ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટને છે. તેમજ અરજદાર/આરોપીનો ગુનાના કામે રોલ તેમજ ગુનાની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે જે જોતાં ત્યાં સુધી તેઓને જયુડીશ્યલ કસ્ટડીમાં રાખવા યોગ્ય પણ નથી. આ તમામ હકીકતો ધ્યાને લઇ અરજદાર/આરોપીની હાલની જામીન અરજી કેટલીક શરતો આધીન મંજુર કરવામા આવે તો ત.ક.અમલદારે સેવેલ ભયસ્થાનો નિવારી શકાય તેમજ જામીન અરજીના નિર્ણય સંદર્ભે ની મહત્વની બાબતો જોતાં અત્રેની અદાલતને પ્રાપ્ત થયેલી વિવેકાધીન સત્તા વાપરવા માટે નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા ઘણા બધા માર્ગદર્શક ચુકાદાથી કેટલાક મહત્વના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે તે પૈકી **નામદાર સુપ્રિમ કોર્ટે સંજય ચંન્દ્રા વિરૂધ્ધ સી.બી.આઇ. ૨૦૧૨, જીએલએચ–૯૩** પરના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા તેના હાર્દ તથા તેમાના અવલોકોનને ધ્યાને લેતા, અરજદાર/આરોપી સામેના ગુનાની સજાની જોગવાઇ અને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતાં, અરજદાર/આરોપીને યોગ્ય રકમના અને શરતો પણ જામીન મુકત કરવા ન્યાયોચિત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**/// હુકમ ///**

(૧) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી હાજા બટકા ઉર્ફે ડોન ઉર્ફે અર્જુન ઉર્ફે શૈલેષ ઉર્ફે રમેશ ભગવાનલાલ મીણા, રહે.લરાઠી ફલા, વાન્દેલા,તા.ખેરવાડા, જી.ઉદેપુર (રાજસ્થાન)નાઓને વિજયનગર પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૦૯૦૫૫૨૩૦૪૮૩/૨૦૨૩, ઇ.પી.કોડની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુનાના કામે આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા ) ના જામીન અને

તેટલી જ રકમના જાત જામીન રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવા હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદાર/આરોપીએ પોતાનું કાયમની કામચલાઉ રહેઠાણનું સરનામુ પુરૂ પાડવુ અને તેમાં કોઇ બદલાવ થાય તો તેની જાણ ટ્રાયલ કોર્ટને તથા ત.ક.અ.ને કરવી.

(૨) હાલના કામે તપાસ પુર્ણ થઇને ચાર્જશીટ દાખલ થતાં સુધી હાલના અરજદાર/આરોપીએ દરેક અંગ્રેજી માસની ૧ થી ૫ તારીખ સુધીમા સવારના ૧૦.૩૦ થી ૬.૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ત.ક.અમલદાર સમક્ષ સબંધીત પોલીસ સ્ટેશનમા હાજરી પુરાવવી.

(૩) અરજદાર/ આરોપીએ પોતાનો મોબાઇલ નંબર ટ્રાયલ કોર્ટને તથા તપાસ કરનાર અધિકારીને આપવો તથા જયારે પણ મોબાઇલ નંબર બદલવામા આવે ત્યારે તુરત જ તેની કોર્ટને તથા સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કરવી.

(૪) જો અરજદાર/આરોપી પાસે કોઇ પાસપોર્ટ હોય તો તે ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો તથા તે કોર્ટની પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

(૫) અરજદાર/આરોપીએ જામીન સબંધિત કોર્ટમા આપવા.

(૬) આ હુકમની યાદી સબંધીત કોર્ટ/પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવી તેમજ એક નકલ સબંધીત જેલ સુપ્રિ.શ્રીને મેઇલ ધ્વારા મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ : **૦૮મી** માહે **જૂન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : ઈડર
તારીખ :૦૮/૦૬/૨૦૨૬

(એમ.વાય.રાધનપુરવાલા)
ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ
સાબરકાંઠા–ઈડર
જજ કોડ જીજે૦૦૭૩૪

***BYT***